INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૬-૧૧-૨૦૨૨

- **ભાજપ સરકાર ભણાવતી પણ નથી અને સરકારી નોકરી આપતી નથી આરોગ્ય, શિક્ષણનું ભાજપ સરકારે ખાનગીકરણ કર્યું**
- **ભાજપના કુશાસનમાં આર્થિક ગેરવહિવટ, રાજ્ય પર વધતુ દેવુ, બેરોજગારીનું સંકટ, સહિતના અલગ અલગ ૨૧ મુદ્દાઓને તહોમતનામામાં આવરી લઈને ગુજરાતની વાસ્તવિકતાને કોંગ્રેસ પક્ષે રજુ કરી.**
- **શિક્ષણનું વ્યાપારીકરણ, કથળતી કાયદો વ્યવસ્થા, મોંઘવારી, બેરોજગારી એ ભાજપના ૨૭ વર્ષના કુશાસનની સિધ્ધી છે**

૨૭ વર્ષના ભાજપના કુશાસનને રજુ કરતુ કોંગ્રેસ પક્ષના "તહોમતનામાં"ને જાહેર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર, ૧૪૦ થી વધુ મોતના મોરબી ઝુલતા પુલકાંડ જેવી બનતી વારંવાર ઘટનાઓને કારણે ગુજરાતના નાગરિકોને પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ગુજરાતમાં "શાંતમ્ પાપમ્" જેવું છે, ફરિયાદ જ નોંધાતી નથી એટલે બધું બરાબર છે તેમ દેખાડે છે. **કોંગ્રેસની સરકાર ભણાવતી અને નોકરી પણ આપતી હતી.** ભાજપના સરકાર ભણાવતી પણ નથી અને સરકારી નોકરી આપતી નથી. ભાજપ સરકારે એક પણ સરકારી શાળા બનાવી નથી. ઉલટાની ભાજપ સરકાર દ્વારા ૬૦૦૦ થી વધુ શાળાઓને તાળા મારી દીધા છે. ગુજરાતમાં તમામ સરકારી હોસ્પિટલો - મેડીકલ કોલેજો કોંગ્રેસ શાસનમાં બની જ્યારે ભાજપ દ્વારા એક પણ સરકારી દવાખાના-મેડીકલ કોલેજ બનાવાયા નથી. આરોગ્ય અને શિક્ષણનું ભાજપ સરકારે ખાનગીકરણ કર્યું છે શિક્ષણનું વ્યાપારીકરણ, મહિલાઓની અસાલમતી, મોંઘવારી, બેરોજગારી એ ભાજપના ૨૭ વર્ષના કુશાસનની સિધ્ધી છે. ભાજપના કુશાસનમાં આર્થિક ગેરવહિવટ, રાજ્ય પર વધતુ દેવુ, બેરોજગારીનું સંકટ, મળતિયા મૂડીપતિઓને પ્રોત્સાહન સહિતના અલગ અલગ ૨૧ મુદ્દાઓને આરોપનામા - તહોમતનામામાં આવરી ગુજરાતની વાસ્તવિકતાને કોંગ્રેસ પક્ષે રજુ કરી છે. ગુજરાતમાં કોંગ્રેસના શાસન સમયની પરિસ્થિતિ સામે **ભાજપ સરકારના શાસનમાં ગુજરાતની હાલતની શિક્ષણ, આરોગ્ય, રોજગાર સહિત તમામ ક્ષેત્રે અન્ય રાજ્યો કરતા પાછળ ધકેલાયું** છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા ભાજપ સરકારની અણઘડ વહિવટ કામગીરી સામે સવાલ ઉઠાવતું તહોમતનામુ અંગે રાષ્ટ્રીય પ્રવક્તા આલોક શર્માએ જણાવ્યું હતું કે, ૨૭ વર્ષમાં ભાજપે વિકાસ કર્યો હોત તો ગુજરાતના ૩૨ ટકા લોકો ગરીબી રેખા હેઠળ ના હોત, છેલ્લા ૫-૬ વર્ષમાં ગુજરાતમાં ૨૨ જેટલા પેપર લીક થયા, બે દાયકા પહેલા ગુજરાતમાં ૨ લાખ જેટલા શિક્ષિત બેરોજગાર હતા જે આજે વધીને ૪૦ લાખ થયા છે, પૂ. મહાત્મા ગાંધીજીની ભુમી પર ક્રાઈમ રેટ વધી છઠ્ઠા નંબર પર પહોંચ્યો છે, તાજેતરમાં બનેલા મોરબી કાંડમાં બે કરોડના સમારકામને બદલે માત્ર બાર લાખનો ખર્ચ થયાની ભ્રષ્ટાચારની વિગતો સમુહ -

માધ્યમોમાં બહાર આવી રહી છે. બીજી બાજુ ભાજપ સરકારના શાસનમાં ગુજરાતમાં હજુ પણ ૯૨ બ્રિજ ખતરનાક સ્થિતિમાં છે, ભાજપ સરકારે કોરોનના આંકડાઓ છુપાવ્યા, બેરોજગારી વધાર્યા બાદ હવે ગૌરવ યાત્રા લઈને નીકળ્યા છે, જનતા ત્રસ્ત અને ભાજપ સરકાર મસ્તની સ્થિતિમાં ગુજરાતની જનતા પરેશાન થઈ છે અને પરિવર્તન ઝંખી રહી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ભાજપ સરકારની નિષ્ફળતાઓને રજુ કરતુ તોહમતનામાં અંગે અમદાવાદ ખાતે પૂર્વ સાંસદ અને વરિષ્ઠ નેતાશ્રી સંદિપ દીક્ષીત, પ્રદેશના પ્રવક્તાશ્રીઓ હેમાંગ રાવલ, શ્રી હિરેન બેંકર, શ્રી અમિત નાયક વિશેષ પત્રકાર પરિષદમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

-----------------------------------------------------------------------------------------

**રાજકોટ ખાતે** ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષે નર્મદા યોજનાનું કામ, સરકારી હોસ્પિટલો - શાળાઓ, એસટી ડેપો સહિતની સરકારી સંસ્થાઓ બનાવી, પણ ભાજપે માત્ર વેચવાનું કામ કર્યું છે. કોંગ્રેસ પક્ષે બંદરો બનાવ્યા પણ ભાજપે દરિયા કાંઠો વેચવાનું કામ કર્યું છે. ઉદ્યોગકાર માટે કોંગ્રેસે લોન અને સબસીડી આપી અને ભાજપે તે બંધ કરી. હાલ ગુજરાતની હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. માથાદીઠ આવકમાં ગુજરાતનું સ્થાન પ્રથમના બદલે છઠ્ઠા ક્રમે છે. ગુજરાતમાં ૩૧.૫ લાખ પરિવાર ગરીબી રેખા હેઠળ જીવે છે. ગુજરાતની ૬.૪ કરોડની વસ્તીને ધ્યાનમાં લેતા પ્રત્યેક ગુજરાતી પર ૬૩ હજારનું દેવું છે. ૨૭ વર્ષમાં ભાજપે ગુજરાતને અધોગતિ તરફ લઈ ગયા છે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાનું મુખ્ય કારણ એક્સાઈઝ ડ્યુટી છે. પેટ્રોલની એક્સાઈઝ ડ્યુટીમાં ૨૦૦ ટકા વધારો અને ડીઝલમાં ૮૦૦ ટકા વધારો કર્યો છે. ભાજપે પેટ્રોલ ડીઝલ મોંઘા કર્યા, રસોડાના ખર્ચ પણ બમણો કર્યો, ગુજરાતમાં ખાદ્ય પદાર્થો પણ સોથી મોંઘા કર્યો, ગેસ સિલિન્ડરમાં સબસીડી પણ બંધ કરી દીધી. હાલમાં ગુજરાતનું દેવું 4 લાખ કરોડને આબી ગયું છે. રાજકોટ ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી અજોય ઉપાધ્યાય, પ્રદેશ પ્રવક્તા ડૉ. નિદત બારોટ, કાર્યકારી પ્રમુખશ્રી સંજય અજુડીયા, ઉપસ્થિત રહ્યાં હતાં.

૨૭ વર્ષના ભાજપના કુશાસનને રજુ કરતુ કોંગ્રેસ પક્ષના "તહોમતનામાં"ને રજુ કરતા **વડોદરા ખાતે** ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાએ પત્રકાર પરિષદને સંબોધન કર્યુ હતું. પત્રકાર પરિષદમાં એ.આઈ.સી.સી. મંત્રી અને સહપ્રભારી શ્રી ઉષા નાયડુ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી પંકજ પટેલ, પ્રદેશ પ્રવક્તાશ્રી નરેન્દ્ર રાવત, શહેર પ્રમુખશ્રી રુત્વીક જોષી, કોર્પોરેશનના વિપક્ષ નેતાશ્રી અમીબેન રાવત ઉપસ્થિત રહ્યાં હતાં.

**સુરત ખાતે** પણ ભાજપ સરકારના ૨૭ વર્ષના કુશાસનને વખોડતુ અને ગુજરાતને વાસ્તવિકતા રજુ કરતુ તહોમતનામું પૂર્વ કેન્દ્રીયમંત્રી ડૉ. તુષાર ચૌધરીએ પત્રકાર વાર્તામાં રજુ કર્યું હતું આ પત્રકાર વાર્તામાં પ્રદેશ પ્રવક્તાશ્રી નૈષધ દેસાઈ વિશેષ પત્રકાર પરિષદમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

હિરેન બેંકર

(હિરેન બેંકર)
પ્રવક્તા
મો. 9723550355